


આ દેશપ્રેમી વારંવાર આમરણાંત ઉપવાસ પર ઊતરે છે અને સરકાર તેની સાથે વારંવાર વિશ્વાસઘાત કરે છે ...!

## જીવભાવ અને જગતભાવનો બાધ કર્યા પછી જે વધે તે સચ્ચિંદાનંદ રૂપ શિવજીનું સ્વરૂપ છે



પુરાણોમાં વર્ણવેલા શિવજીનાં અર્વાચીન પૂજન માટેનાં સ્વરૂપને વર્ણવતાં પૂ. ગુરૂમાએ જણાવ્યું કે શિવજીએ સામાન્ય લોકો તેઓની પૂજા- અર્ચના કરીને ધર્મમય જીવન જીવી શકે તે અર્થે આ વિગ્રહ ધારણ કર્યો છે. શિવજીનું નિગુર્ણ સ્વરૂપ વાણી અને મનથી પાર પામી ન શકાય તેવું છે. સગુણ સ્વરૂપ આ સમસ્ત બ્રહ્માંડરૂપે છે, જે પણ વાણઈ અને મનથી વર્ણવી શકાય તેવું નથી. તો શિવજીની પૂજા કયા સ્વરૂપે કરવી ? આ પ્રશ્નનું નિરાકરણ લાવવા શેષધારી શિવજીના સ્વરૂપને પુરાણોએ વર્ણવેલ છે. શિવજીના મસ્તકે રહેલ સર્પનો બીજો અર્થ છે શેષ એટલે કે વધેલું. જીવભાવ અને જગતભાવનો બાધ કર્યા પછી જે વધે તે સચ્ચિંદાનંદ રૂપ શિવજીનું સ્વરૂપ છે તેનો તે નિર્દેશ કરે છે. ભગવાન ખોપડીની માળા ધારણ કરે છે તે સમત્વનો નિર્દેશ કરે છે. આ માળા પહેરતી વખતે ખોપડી બ્રાહ્મણની છે કે શુદ્રની, સ્ત્રીની છે કે પુરુષની, સંતની છે કે પાખંડીની- આવો કોઈ ભેદ શિવ જોતા નથી. તેઓને મન સર્વનો સ્વીકાર છે. આપણે સતત બીજાનો દોષ જોતા હોઈએ છીએ. તેને બદલે સર્વનો સમાનરૂપે સ્વાકાર કરવાની શીખ મળે છે.

શિવજી ખૂબ સામાન્ય એવી વસ્તુઓ પોતાની પાસે રાખે છે. તેનું રહસ્ય સમજાવતાં પૂ. ગુરૂમાએ જણાવ્યું છે કે, શિવજી ગૃહસ્થી હોવાં છતાં પોતાની પાસે વધુ વસ્તુઓ રાખતાં નથી. તેઓએ અપરિગ્રહને સ્થાન આપ્યું છે. જીવનમાં હંમેશા પકડવા કરતાં છોડવામાં જ વધુ સુખ છે, મૂઠ્ઠી બાંધેલી રાખવામાં પરિશ્રમ છે, ખુલ્લી રાખવામાં કોઈ પરિશ્રમ નથી. પરંતુ માનવ તો જ્યાં મળે ત્યાંથી જે તે રીતે મળે તે રીતે બધું ભેગું કરતો રહે છે અને પછી તેને સાચવવામાં જ જીવન વેડફી નાંખે છે. પરંતુ આ યોગ્ય નથી. શંકરાચાર્યજી જણાવે છે કે, ‘કૌષીનવંતઃ ખલુ ભાગ્યવંતઃ।’ મીરાબાંઈ પણ જણાવે છે કે, ‘કરના ફકીરી ઉરિ કયા દિલગીરી.’

નવમા શ્લોકમાં પુષ્પદંતજી મહારાજ જણાવે છે કે હે શિવજી, આપની અનેક પ્રકારે સ્તુતિ થાય છે. ઘણા જગતને નિત્ય માને છે, ઘણા અનિત્ય કહે છે તો કેટલાક વળી કેટલુંક સ્થિર અને કેટલુંક અસ્થિર માને છે. મારે આ સર્વના સ્વામીરૂપે આપને જુએ છે. આ બધા મત મતાંતરોથી પુષ્પદંતજીને વિસ્મય થાય છે. અને તેઓ છેવટે કહે છે કે આ રીતે અલગ અલગ અનેક રીતે આપની સ્તુતિ બધા કરી રહ્યા છે. જેનાથી મને વિસ્મય થાય છે. વળી, મને પણ થાય છે કે બધાની સ્તુતિ અલગ છે. તો કોઈમાં તો દોષ હશે જ છતાં ભગવાન શિવ તેને સ્તુતિરૂપે સ્વીકાર કરે છે. તો પછી મારાથી સ્તુતિમાં કોઈ ભૂલ થઈ જશે તેવો સંકોચ મને શા માટે રહે ? હું તો જેવી આવડે તેવી સ્તુતિ નિઃસંકોચ કરતો રહીશ.

આ બાબતને વિશેષ સમજાવતાં પૂ. ગુરૂમા કહે છે કે સાંખ્ય મતવાદી માને છે કે જગતનો જન્મ કે મૃત્યુ નથી, માત્ર આવિર્ભાવ (વ્યક્ત) અને તિરોભાવ (અવ્યકત) થાય છે. માટીમાં ઘડો હોય જ છે, માત્ર તે વ્યકત કે અવ્યકત થાય છે. દરેક કાર્ય તેના કારણમાં હોય જ છે. આ જ સત્કાર્યવાદ છે. પુરુષથી પ્રકૃતિ સ્વતંત્ર છે, જે પુરુષની ઈચ્છા મુજબ સ્વતંત્ર રીતે આ સૃષ્ટિની રચના કરે છે. અહીં ઈશ્વરની શક્તિને આ રીતે મર્યાદિત માની લે છે. ક્ષણિકવાદી (બૌધ) લોકો જગતને અસ્થિર- ક્ષણિક- માને છે. તે માને છે કે પ્રતિમાસ બધું બદલાતું રહે છે. જ્યારે વૈશેષિક- નૈયાયિકો માને છે કે જગતમાં કેટલુંક નિત્ય છે, અને કેટલુંક અનિત્ય છે. આ અનિત્ય પદાર્થોના કર્તા ઈશ્વર છે, વળી, ઈશ્વર જગતનાં નિમિતકારણ માત્ર છે, ઉપાદાનકારણ નથી.

આ બધા મતોને અંતે પૂ. ગુરૂમા

## બીપી કૉલેજ ઑફ બીબીએમાં વિવિધ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા. ૨૯

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર સંલગ્ન બી પી કૉલેજ ઑફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન, ગાંધીનગર છેલ્લા ૧૩ વર્ષોથી સ્નાતક કક્ષાએ મેનેજમેન્ટનું શિક્ષણ આપવાની સાથે સાથે વિદ્યાર્થી વિકાસના ભગીરથ કાર્યમાં પણ પોતાનું યોગદાન આપી રહી છે. કૉલેજમાં બે માસ દરમ્યાન વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં કૉલેજના વિદ્યાર્થીઓએ અને અધ્યાપક ગણે રસપૂર્વક ભાગ લીધો હતો.

વર્ષના પ્રતમ કાર્યક્રમ રૂપે કૉલેજમા ગુરુપૂર્ણિમા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તૃત્વ સ્પર્ધામાં નીરજસિંગ પ્રથમ, કુ. પાયલબા દ્વિતિય અને જય પરીખ તૃતિય સ્થાને વિજેતા થયા હતા. ત્યારબાદ વૃક્ષયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સૅક્ટર-૧થી ૩૦ સુધી ૧૦ હજારથી પણ વધુ છોડનું આરોપણ કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓમાં અંગ્રેજી ભાષા અને સોફ્ટ સ્કીલ અંગે સભાનતા કેળવવા ૩૭૦ વિદ્યાર્થીઓ માટે આશિષ સોનીના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના વડા ડૉ. રમાકાન્ત પુષ્ટિ દ્વારા રિસર્ચના પ્રકારો વિશે તાલીમ વર્ગ તથા ગૌરાંગ લોટિયાનું માર્કેટીંગ પ્રેક્ટીસીઝ એન્ડ કવેરીઝ વિષય પર વકતવ્ય યોજવામાં આવ્યું હતું.

કૉલેજમાં સેમેસ્ટર-૧માં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓને આવકારવા માટે ફ્રેશર્સ પાર્ટી યોજવામાં આવી હતી. જેમાં સેમેસ્ટર-૧ના નિકુલ સેન્મા અને છાયા પરીન પ્રથમ તથા દ્વિતિય ક્રમે વિજેતા જાહેર થયા હતા.

ઓવરઓલ પરફોર્મન્સ માટે જિગીષા પ્રથમ અને અર્જુન મોદી દ્વિતિય ક્રમે વિજેતા થયો હતો. ભૂતપૂર્વ વિદ્યાર્થી કૃણાલ પટેલ મંચ સજ્જાની વ્યવસ્થા કરી હતી. ત્યારબાદ અમદાવાદ સાયન્સ સિટીમાં વિ-મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૦૬ વિદ્યાર્થીઓએ સાયન્સ સિટીની મુલાકાત લીધી હતી.

## સેક્ટર-૮ની આદર્શ નિવાસી શાળા કબડ્ડી સ્પર્ધામાં વિજેતા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના સેક્ટર-૮માં કાર્યરત આદર્શ નિવાસી (અજા કુમાર) શાળાના ખેલાડીઓ તાજેતરમાં કબડ્ડીના પૂર્વ ઝોન રમતોત્સવમાં ભાગ લઈ સુંદર દેખાવ કરી રનર્સ-અપ બન્યા હતા.

શાળાના મદદનીશ શિક્ષક એસ કે પરમારે સમગ્ર રમતોત્સવનું સુંદર આયોજન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના આચાર્ય એમ જે કટારા તથા શાળા પરિવારે વિજેતા ખેલાડીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

### પંદર કલાકારોના જૂથે સ્ટેજ ગજવ્યું

# સિટી પલ્સ ઓપન ઍર થિયેટર ખાતે ‘ખોટા સિક્કા’નો અદ્ભૂત પ્રયોગ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

લાંબો સમય કાનમાં ગૂંજતા રહે એવા સંગીત, ગાંધીનગરના નાટ્ય ઈતિહાસમાં ક્યારેય જોવા ન મળ્યાં હોય એવાં બોલ્ડ દ્રશ્યો અને ચિક્કાર મનોરંજનથી ભરેલો ‘ખોટા સિક્કા’ નામક નાટકનો શો શુક્રવારે રાત્રે સિટી પલ્સ ઓપન ઍર થિયેટર ખાતે યોજાયો હતો.

સિટી પલ્સ ફિલ્મ ઍન્ડ ટૅલીવિઝન ઈન્સ્ટીટ્યુટના સૌજન્યથી જાહેર જનતાના મનોરંજન માટે આ શો યોજવામાં આવ્યો હતો. નગરના નાટ્યકાર કુંતલ-નિમાવત લિખિત-દિગ્દર્શિત અને અભિનીત ‘ખોટા સિક્કા’ નામક આ નાટક બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું અને તેમાં ગાંધીનગરના પંદર જેટલા કલાકારોએ ભાગ લીધો હતો. સિટી પલ્સ ઈન્સ્ટીટ્યુટના ચાર વિદ્યાર્થીઓએ પણ આ નાટકમાં અભિનયનાં અજવાળાં પાથર્યાં હતાં.



તસવીર : કમલેશ શાહ

ઓપન ઍર થિયેટરની કૅપેસિટી કરતાં વધુ પ્રેક્ષકો આ નાટક જોવા એકઠા થયા હતા અને નાટક પૂર્ણ થયું ત્યાં સુધી થિયેટરની સ્થિતિ એ જ રહી હતી. ખીચોખીચ બેસીને પણ પ્રેક્ષકોએ નાટક નિહાળવાનું પસંદ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે ગત તા. ૨૫ મે ના રોજ પણ આ જ સ્થળે કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટક ‘અનારકલીનો સ્વયંવર’ ભજવાયું હતું, એ સમયે પણ આ થિયેટરની સ્થિતિ આવી જ હકડેઠઠ હતી.

નાટકને પ્રેક્ષકોને ભરપૂર પ્રતિસાદ મળ્યો હતો. નાટકના શિર્ષક સમા ‘ખોટા સિક્કા’નાં સઘળાં પાત્રો પ્રેક્ષકોનાં દિલમાં વસી ગયા હતા. એટલું જ દિલમાં વસી ગયું હતું ઋષિકેશ ઠાકરનું સંગીત, જેણે કુંતલ નિમાવતની મજબૂત સ્ક્રીપ્ટને સબળ સાથ આપ્યો હતો.

નવા વિચાર ને નવા વિષયનું બોલ્ડ નાટક પ્રેક્ષકોને પસંદ પડ્યું હતું. અને તેમણ ખૂલીને આ નાટકની સરાહના કરી હતી.

## નિસર્ગ સાયન્સ સૅન્ટર દ્વારા આજે નૅશનલ રૂરલ આઈટી ક્વિઝ સ્પર્ધા

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત કાઉન્સીલ ઑન સાયન્સ એન્ડ ટૅકનોલૉજી-ગુજકોસ્ટ ગાંધીનગર દ્વારા ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પણ આઈટી અને કૉમ્પ્યુટર ફિલ્ડથી જાણકાર થાય તેમજ ટૅકનોલૉજીનો ઉપયોગ કરે અને આ ફિલ્ડ પ્રત્યે તેમનામાં જાગરૂકતા આવે તે હેતુથી દરેક જિલ્લામાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે નૅશનલ આઈટી ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં કાર્યરત ગ્રામ્ય વિસ્તારની શાળાઓ માટે આ સ્પર્ધા નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા આવતીકાલે ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય, ગ્રામ ભારતી, અમરાપુર ખાતે યોજાઈ રહ્યું છે. આ સ્પર્ધામાં માધ્યમિક શાળામાંથી કુલ ત્રણ ટીમ ભાગ લશે. પ્રત્યેક ટીમમાં ધોરણ, ૮, ૯, ૧૦માંથી બે વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ સ્પર્ધામાં પ્રથમ બધી જ ટીમ માટે એલીમીનેશન ટેસ્ટ લેવામાં આવશે અને તે પૈકી પ્રથમ ૧૦ ટીમ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.રાજ્ય કક્ષાની વિજેતા ટીમ રિજનલ લેવલની સ્પર્ધામાં જશે. આ રિજનલ લેવલમાં ગુજરાત, મહારાષ્ટ્ર, ઝારખંડ, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને કર્ણાટક રાજ્યની ટીમ ભાગ લેશે.

રિજનલ લેવલે પ્રથમ વિજેતા ટીમને ૧૦ હજાર રૂા. અને રનર્સ-અપ ટીમને ૭ હજાર રૂા. ઈનામ પેટે આપવામાં આવશે. રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા ટીમને ૧ લાખ રૂા. અને રનર્સ-અપ ટીમને ૫૦ હજાર રૂા. ઈનામ રૂપે આપવામાં આવશે.

## ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કોલેજ અધ્યાપક મહામંડળ વણઉકલ્યા પ્રશ્નો સામે આંદોલન કરશે

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત રાજ્ય અધ્યાપક મહામંડળના પ્રમુખ ડૉ. એમ. એમ. રાવલ અને મહામંત્રી ડૉ. જે. એસ. પ્રજાપતિએ એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું છે કે, કોલેજ અધ્યાપકોના મહત્ત્વના પડતર પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો મહામંડળ આગામી સમયમાં આંદોલન પર ઉતરશે.

રાજ્યના તમામ કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચની એરીયર્સની મોટા ભાગની રકમ મળી ગઈ છે છતાં રાજ્યના અધ્યાપકોને એરીયર્સ પેટે કશું ચૂકવાયું નથી. ખંડ સમયના અધ્યાપકો છેલ્લા ૨૦ વર્ષથી નજીવા પગારથી કામ કરે છે, પૂરતી લાયકાત હોવા છતાં કોલેજો ભરતા નથી. શિક્ષણ સહાયકથી પણ ઓછું વેતન અપાય છે. યુ.જી.સી. દ્વારા મંજુર કરાયેલી ૧૨ ઈ.એલ. હજુ અધ્યાપકો ખાતે જમા થઈ નથી.

એડહોક અધ્યાપકોનો બિનસરકારી ગ્રાન્ટેડ કોલેજોમાં ન્યૂયનત્તમ પગાર ધોરણોએ સમાવેશ કરવામાં આવ્યો છે. જે અયોગ્ય છે. યુજીસીના નિયમ મુજબ કોલેજમાં અધ્યાપકો ૫ કલાક હાજરી આપવાની હોય છતાં રાજ્ય શિક્ષણ વિભાગે ૬.૩૦ કલાકની હાજરી ફરજિયાત કરી છે. સી. પી. એફ.વાળા અધ્યાપકોને પેન્શનનો વિકલ્પ મળવો જોઈએ. આવા અનેક નિયમો રાજ્ય સરકારે મનઘડંત પરિપત્રો દ્વારા બહાર પાડી મનસ્વી વલણ ઉભું કર્યું છે. જેને પરિણામે સમગ્ર અધ્યાપક સમાજમાં રોષ ફેલાયો છે. જો ૧૦ દિવસમાં એરીયર્સ સહિતના પડતર પ્રશ્નોના ઉકેલ માટે અધિકારીઓ સાથે પૂર્ણ સમયની બેઠક ગોઠવી ઉકેલ કરવામાં નહીં આવે તો સરકારની અધ્યાપક વિરોધી નીતિની સામે મહામંડળ આંદોલન કરશે. આંદોલનના કાર્યક્રમો ઘડી કાઢવા માટે ટૂંક સમયમાં અધ્યાપક મંડળની બેઠક અમદાવાદ ખાતે મળશે એમ પ્રમુખ ડૉ. એમ. એમ. રાવલે જણાવ્યું છે.

## સૂક્ષ્મ જીવાણું મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ પર્યાવરણ સુરક્ષા માટે શપથ ગ્રહણ કર્યા

ગાંધીનગર, તા. ૨૯

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત સૂક્ષ્મ જીવાણું વિજ્ઞાન મહાવિદ્યાલય, સાદરાના ૫૬ વિદ્યાર્થીઓએ વન સંશોધન સંકુલ ગાંધીનગર ખાતે પર્યાવરણ સુરક્ષાની તાલીમ લઈ પર્યાવરણની સુરક્ષા માટેના શપથ લીધા હતા. પર્યાવરણ સુરક્ષાની તાલીમ શિબિરનું ઉદ્ઘાટન ગૌ-સંવર્ધન કેન્દ્ર, સાદરાના પ્રાધ્યાપક રમેશભાઈ પટેલ અને વનસંરક્ષક આર બી ઝાલાએ કર્યું હતું. મુખ્ય અધિક અગ્ર વન સંરક્ષક ડી એસ નર્વે અને એસ પી વોરાએ અનુક્રમે વૃક્ષ ઉછેરનું મહત્ત્વ અને કુદરતી સંસાધનોના ઉપયોગથી ગ્રામ વિકાસ વિશે વાર્તાલાપ આપ્યો હતો. મદદનીશ વન સંરક્ષક હેમંત સુથારે વન્ય પશુપક્ષીઓના જતન વિશે જ્ઞાન સાથે ગમ્મત કરાવી હતી. મદદનીશ વન સંરક્ષક જે એસ પટેલે તાલીમ કાર્યક્રમનું સંચાલન અને ડૉ. પ્રિતીબેન શુક્લે આભાર દર્શન કર્યું હતું.

## જ્ઞાનદીપ હાઈસ્કૂલ ફૂટબૉલમાં ચૅમ્પિયન

ગાંધીનગર, તા. ૨૯

માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ ગાંધીનગર ખાતે આયોજિત ફૂટબોલ સ્પર્ધામાં જ્ઞાનદીપ હિન્દી હાઈસ્કૂલ ઓ.એન.જી.સી. કોલોની ચાંદખેડાની ટીમ ચૅમ્પિયન બની હતી. દરેક ખેલાડીઓને શાળાનાં ટ્રસ્ટીશ્રી ધર્મરાજ ઉપાધ્યાય આચાર્યશ્રી એ.એસ. પાંડેય, શાળાના સમગ્ર પરિવારે અભિનંદન પાઠવેલ છે. ટીમોમાં કોચ તરીકે શ્રી સતીષ પાંડેય અને વ્યાયામ શિક્ષક શ્રી ભરતભાઈ પટેલે માર્ગદર્શન આપેલ હતું.

## કાવ્ય રંગ

### એક તારા ન આવવાથી

તાત હવે ધરા ટળવળે છે, એક તારા ન આવવાથી,
સુપ્ત નાગણ સળવળે છે, એક તારા ન આવવાથી.
કણ-કણ ને ઉમેદ હતી, નક્કી તું આવીશ અહીં,
મૃગજળો પણ ઉછળે છે, એક તારા ન આવવાથી.
કો’ક વખતે આ સ્થળે ચરતી હતી ગાયો હવે,
વાગોળવું ટોળે વળે છે, એક તારા ન આવવાથી.
મૂક નેવે પ્યાસને, તું ઘાસ અંગે કાંક કર,
આવવું પાછું વળે છે, એક તારા ન આવવાથી.
રે, હવે તો થઈ અદાવત નભ અદાલતમાં અને,
પાપીઓના વેણ ફળે છે, એક તારા ન આવવાથી.
‘શરમાળ’ની શ્રધ્ધા ખડી છે લઈ ખાલીપો આંખમાં,
સૃષ્ટિ અહીંની ખળભળે છે, એક તારા ન આવવાથી.

- જગદીશ ગૉર ‘શરમાળ’

### હવે તો આવ મેહુલિયા

શેતરને શેઢે ઊભાં પટલાણી
ને આંબલીને હેઠે પટેલ...
નેજવું માંડીને જુએ છે વાટ હવે
થાય ચ્યાંય મેઘલાની મ્હેર ?
વલ્લાની હેઠળ ઊભાં પટલાણી
ને તળાવની પાળે પટેલ...
આભલામાં મૉડીસ આંખ હવે
થાય ચ્યાંય મેઘલાની મહેર ?
ઢોલિયો ઢાળીને બેઠાં પટલાણી
ને લાકડીને ટેકે પટેલ...
ભેંશોના ચારામાં હોધે લીલોતરી
થાય ચ્યાંય મેઘલાની મહેર ?
શ્રાવણના મંદિરે ઊભાં પટલાણી
ને માળાના મણકે પટેલ...
બિલી ચઢાવીને પૂછે મા’દેવને
થાય ચ્યાંય મેઘલાની મહેર ?

- શૈલેષ પંડ્યા

### ત્રિગુણાતીત સંત

પ્રકાશ, પ્રવૃત્તિ ને મોહ જે ગુણધર્મો શરીરના,
પ્રવૃત્ત થતાં ન કરે દ્વેષ કે શમે ન સેવે ઝંખના.
સાક્ષી સમ સ્થિત ગુણોથી કદી વિચલિત થાય નહિ,
વર્તે ગુણો સમજીને એકાત્મે સ્થિત કદી ડગે નહિ.
સમ સુખ-દુખમાં, સ્વસ્થ, માટી-પથ્થર-સોનું સમ માને,
જ્ઞાની સમ પ્રિયાપ્રિયમાં, સમ સ્વ નિંદા સ્તુતિમાં જે.
સમ માનાપમાનમાં, સમ તે શત્રુમિત્રમાં વર્તે,
સર્વ કર્મારંભ ત્યજેલો, નિરાભિમાની ગુણાતીત વર્તે.
અવ્યભિચારી ભક્તિયોગે, ભાવથી જે ભજે શ્રીહરિને,
તે ત્રણે ગુણોને પાર કરી, બ્રહ્મને પામવા યોગ્ય બને.

- સુમંતભાઈ મં શાહ

## સ્વ. મોહંમદ રફીને શ્રધ્ધાંજલિ રૂપે ટાઉનહૉલમાં સંગીત કાર્યક્રમ યોજાયો

(કશ્યપ નિમાવત દ્વારા)

ગાંધીનગર, તા. ૨૯

હિન્દી ફિલ્મ જગતના મહાન પાર્શ્વ ગાયક સ્વ. મોહંમદ રફીની પુણ્યતિથિએ તેમને શ્રધ્ધાંજલિ અર્પતો તેમનાં સદાબહાર ગીતોનો કાર્યક્રમ શનિવારે રાત્રે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજાયો હતો, શિર્ષક હતું : ‘વો જબ યાદ આયે, બહોત યાદ આયે’.

કાર્યક્રમની શરૂઆત ‘સુબહા ના આઈ, શ્યામ ના આઈ’થી કરવામાં આવી, એ પછી ‘આપકે પહેલૂ મેં આ કે રો દિયે’ રજૂ થયું ને પ્રેક્ષકો તાનમાં આવી ગયા. એ પછી તો એક પછી એક એવા સુંદર ગીતોની રજૂઆત થઈ કે પ્રેક્ષકો બસ ઝૂમતા જ રહ્યા.

રાત્રિના લગભગ ૧.૧૫ વાગ્યા સુધી ચાલેલા આ કાર્યક્રમમાં કુલ ૩૮ જેટલાં ગીતોની રજૂઆત કરવામાં આવી હતી. સાથે સાથે સ્વ.



મોહંમદ રફીની જીવન સફર અંગેની માહિતી દર્શાવતી વિડીયો-ઑડિયો પણ પ્રસ્તુત કરવામાં આવી હતી. જેમાં સ્વ. રફી સાહેબના સાથી, મિત્રોના પ્રતિભાવો, તેમની સિદ્ધિઓ વિશેની માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમના મુખ્ય આયોજક અને પ્રાયોજક હતા જાણીતા તબલા વાદક અને સુરીલા ગાયક અને બહુમુખી પ્રતિભા અમિત મહેતા, જે છેલ્લાં ૧૯ વર્ષથી તબલા વાદક તરીકે ભારતભરમાં ને વિદેશમાં પણ ખૂબ નામ કમાયા છે. છેલ્લાં ચાર વર્ષથી ગાયક તરીકે પણ તેમણે ખાસ્સી સફળતા મેળવી છે.

ગાયક તરીકે ગાંધીનગર ખાતે આ તેમનો પ્રથમ કાર્યક્રમ હતો. અમિતભાઈ સાથે યુગલ ગીતોમાં દર્શના ગાંધીએ સૂર પુરાવ્યો હતો. આ સુરીલી સફરમાં ખૂબ જાણીતા કલાકાર શૈલેષ ઠાકર અને તેમના સાથીઓએ સંગીતની સુરાવલીઓ દ્વારા શાનદાર ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન મીનાક્ષીબેન ઠાકરે કર્યું હતું.

# સાદા વર્તમાનકાળનો ઉપયોગ ક્યારે કરાય ?

## આજે આપણે સાદા વર્તમાનકાળના પ્રશ્નાર્થ અને નકાર રૂપો તેમજ તેના ઉપયોગો જાણીએ

### આવો અંગ્રેજી શીખીએ - ચેતના બુચ

॥ બીજો મણકો ॥

સાદો વર્તમાન કાળ કયારે વપરાય?

મિત્રો, ગયા અઠવાડિયે આપણે સાદા વર્તમાનકાળનાં હકાર રૂપો જોયા હતા. આજે આપણે તેના પ્રશ્નાર્થ અને નકાર રૂપો તેમજ સાદા વર્તમાનકાળના ઉપયોગો જાણીએ.

Nagative Forms (નકારનાં રૂપો) To go = જવું

| Singular (એ.વ) | Plural - (બ.વ) |
|---|---|
| 1. I do not go. (હું જતો નથી) | We do not go. (અમે જતા નથી) |
| 2. You do not go. (તું જતો નથી) | You do not go. (તમે જતા નથી) |
| 3. He does not go. (તું જતો નથી) | They do not go. (તેઓ જતા નથી) |
| She does not go. (તેણી જતી નથી) | |
| It does not go. (તે જતી નથી) | |

● યાદ રાખો :

- નકાર કરતી વખતે ક્રિયાપદ પછી not મૂકાય.
- નકાર કરવા માટે સાદા. વ.કા. માં do અને does જેવાં સહાયક ક્રિયાપદ વપરાય છે.
- કર્તા જયારે ત્રીજો પુરૂષ એ.વ. હોય તો does not અને બાકીની જગ્યાએ do not મૂકાય.
- does not પછી હંમેશા મૂળભૂત જ મૂકાય.

દા. ત. does not go. (નહીં કે does not goes)

- Interrogative Forms (પ્રશ્નાર્થ રૂપો)

| Singular (એ.વ) | Plural - (બ.વ) |
|---|---|
| 1. Do I go? (શું હું જાઉં છું ?) | Do we go? (શું અમે જઈએ છીએ?) |
| 2. Do You go? (શું તું જાય છે?) | Do you go? (શું તમે જાવ છો?) |
| 3. Does he go? (શું તે જાય છે?) | Do They go? (શું તેઓ જાય છે?) |
| Does She go? (શું તેણી જાય છે?) | |
| Does it go? (શું તે જાય છે?) | |

● યાદ રાખો

- પ્રશ્નાર્થ બનાવવા માટે વાક્યની શરૂઆત સહાયક ક્રિયાપદ Do, Does થી થાય છે.
- પ્રશ્નાર્થ નકાર બનાવવું હોય તો Do, Does પછી not મૂકો.

દા. ત. Don’t you go?
(શું તમે નથી જતાં?)

● ઉપયોગો :

(૧) રોજિંદી ટેવ દર્શાવવા
દા.ત. Mother drinks tea.
(૨) કુદરતી સ્વભાવ કે નિયમ દર્શાવવા
દા.ત. The Cow gives milk.
(૩) સામાન્ય કે સનાતન સત્ય દર્શાવવા
દા.ત. The sun rises in the east.
Wood floats on the Water.
(૪) ઐતિહાસિક બનાવને દર્શાવવા
દા.ત. Ashok then goes to Kalinga.
(૫) નાટ્યાત્મક શૈલી દર્શાવવા
Here comes teh King.
(૬) કહેવત કે અવતરણ દર્શાવવા
Gandhiji says, “My life is my message.”
Honesy is the best policy.
(૭) ભવિષ્યની નિશ્ચિત યોજનાની ક્રિયા દર્શાવવા
દા.ત. She goes to Bombay nest week.
(૮) સમય અને શરત દર્શાવવા ઉપવાક્યોમાં
દા.ત. I Shall wait till you come.
(૯) ચાલુ ક્રિયા કે જેવાં ક્રિ.પ. માં ચાલુ વર્તમાનકાળને બદલે વપરાય.
દા.ત. I hear some noise.

આમ, To make = બનાવવું અને To teach = શીખવવું, ના રૂપો પ્રશ્નાર્થ અને નકાર બનાવો.

મિત્રો, આજના પરિચયાત્મક શબ્દો :

વિભાગ - ચૂંટણી (Election)
(Suffrage) (સફ્રેજ) મતાધિકાર
(Parley) (પારલે) મંત્રણા
(Bolter) (બોલ્ટર) પાટલીબદલુ
(Plebiscite) (પ્લેબીસાઈટ) લોકમત
(Whip) (વ્હીપ) ધારાસભ્યને મળતો આદેશ